**ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહબીલીટેશન એક્ટ-૨૦૧૩ના અમલીકરણના સંદર્ભે રાજયની 'અ' વર્ગની નગરપાલિકામાં Emergency Response Sanitation Unit (ERSU)ની સ્થાપના કરવા.**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એમએસડબલ્યુ/૧૨૨૦૨૦/સી.ફા.૯/આર:
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 2 8 APR 2021

વંચાણે લીધા:-

(૧) ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવે૦ ેન્ડ ઘેર રીહબીલીટેશન એક્ટ-૨૦૧૩

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તારીખ:-૧૬/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-ઇએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તારીખ:-૧૦/૦૫/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:-ઇએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર

(૪) ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તારીખ:- ૧૨/૦૭/૨૦૧૯ પત્ર ક્રમાંક:-ઝેડ-૧૬૦૨૫/૩/૨૦૧૮-સીપીએચઇઇઓ સાથેની મંત્રાલયની ગટર અને સેપ્ટીક ટેંક સફાઇ માટેના પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા(standard Operating Procedure (SOP))ની માર્ગદર્શક સુચનાઓ.

(૫) ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તારીખ:- ૧૪/૦૨/૨૦૨૦ પત્ર ક્રમાંક:-૧૪/૧૨/૨૦૧૭-એસબીએમ-૧ અને તે હેઠળની સુચનાઓ.

## <u>પ્રસ્તાવના:</u>

ભારત સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઇઓ સાથે વંચાણે લીધા ક્રમાંક (૧) થી "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહબીલીટેશન એક્ટ-૨૦૧૩ની રચના કરવામાં આવેલ છે. જેના અસરકારક અમલીકરણ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધા


16/05/2021
ગુજરાત શહેરી ... વિકાસ ... ગાંધીનગર
16
06-05-2021

ક્રમાંક (૨) હેઠળના તારીખ:૧૬/૧૨/૨૦૧૬ના ઠરાવ તથા વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તારીખ:૧૦/૦૫/૨૦૧૯ના પરિપત્રથી ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે સફાઇ કામદારને ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણપણે મનાઈ ફરમાવવામાં આવેલ છે, અને સફાઈની કામગીરી માટે યાંત્રિક સાધનોનો જ ફરજિયાતપણે ઉપયોગ કરવાનો રહે છે, તેમજ ગટર સફાઈની કામગીરી દરમ્યાન સફાઈ કામદારનું મુત્યુ થાય તો રૂ.૧૦.૦૦ લાખનું વળતર ચુકવવાનુ થાય છે. ગટર સફાઈની કામગીરી સાથે સંકાળાયેલ સફાઈ કામદારો માટે રકમ રૂ.૧૦.૦૦ લાખના વીમાની જોગવાઈ રાખવામાં આવેલ છે. તેમજ અન્ય આનુંષાગીક સુચનાઓ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦13નું વધુ પ્રભાવી અસરકારક અમલ થઇ શકે તે માટે વંચાણે લીધા ક્રમાંક (૩) પરના તા.૧૨/૦૭/૨૦૧૯ના ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના પત્ર થી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ખાતે Emergency Response Sanitation Unit (ERSU)ની કામગીરી માટેની માર્ગદર્શીકાઓ/Standard Operating Procedure(SOP)" જાહેર કરેલ છે. તેમજ વંચાણે લીધા ક્રમાંક (૪) પરના તા.૧૪/૧૨/૨૦૧૯ના ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના પત્ર થી એક લાખ થી વધુ વસ્તી ધરાવતી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ખાતે Emergency Response Sanitation Unit (ERSU)ને ઇન્ડીકેટર તરીકે જાહેર કરવા ભલામણ કરેલ છે. આથી Emergency Response Sanitation Unit (ERSU)ની સ્થાપના કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

સ્થાનિક સ્વરાજની સંસ્થાની ભૂગર્ભ ગટરોની યંત્રથી સફાઇ તથા સેપ્ટીક ટેંકની દેખભાળ તથા દુરસ્તી કરતી વખતે સફાઇ કામદારોને મશીનહોલ (Machinehole) માં ઉતરીને સાફ ન કરવુ પડે અને ભૂગર્ભ ગટરોની સફાઈ કામગીરી દરમ્યાનના સમયે જરૂરી એવી કાળજી જો લેવામાં આવે નહિં તો સફાઇ કામદારોના મૃત્યુની ઘટના બનવા પામે, આવી મૃત્યુની ઘટનાને ટાળવા માટે નગરપાલિકા વિસ્તારમાં Emergency Response Sanitation Unit (ERSU)ની રચના કરવા કમિશનરશ્રી,મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવે છે. કમિશનરશ્રી,મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે જરુરીયાત મુજબની Emergency Response Sanitation Unit (ERSU)ની રચના કરી વિભાગને તેની જાણ કરવાની રહેશે. Emergency Response Sanitation Unit

(ERSU) ના સંચાલન અને કામગીરી માટે વંચાણે લીધેલ (૩) તેમજ (૪) પરના ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના પત્રથી અપાયેલ માર્ગદર્શીકાઓ ધ્યાને લેવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર તારીખ:-૧૨/૦૪/૨૦૨૧ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભકિત શામળ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

⇒ માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

⇒ માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

⇒ માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (શહેરી ગૃહ નિર્માણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

⇒ અધિક મુખ્ય સચિવશ્રી (શ.વિ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

⇒ અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

⇒ સચિવશ્રી, (હાઉસીંગ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

⇒ અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

⇒ કમિશનરશ્રી,મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

⇒ સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન.

⇒ વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ગુજરાત રાજય, ગાંધીનગર.

⇒ અધિક કમિશ્નર અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.

⇒ અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.

⇒ મિશન ડાયરેકટરશ્રી,સ્વચ્છ ભારત મિશન, ગાંધીનગર

⇒ વહીવટી સંચાલકશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની, ગાંધીનગર.

⇒ સંયુકત સચિવશ્રી (શહેરી વિકાસ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

⇒ નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.

⇒ પ્રાદેશીક કમિશનરશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત રાજકોટ, ભાવનગર

⇒ મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર.

⇒ સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,જલ ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર.

⇒ સર્વે જીલ્લા કલેકટરશ્રી.

⇒ સેકશન અધિકારીશ્રી, પી અને થ-૧ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

⇒ સિલેકટ ફાઇલ.